Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-14, Issue-2, September-2020
www.researchguru.net

# સરદાર વલ્લભભાઈ પટેલનું ધોળકાનાં ખેડુતોને સંબોધન

**Nitinkumar bhagvanbhai Patel**
Phd scholar in humanities and social sciences, Dr.Babasaheb Ambedkar open university, Navrangpura, Ahmedabad-380009 Email ID: nitpatel111@ gmail.com

***સારાંશ***

*ભારતની આઝાદી માટે નેતાઓ થી માડીને સામાન્ય વર્ગના છેવાડાના માણસનો ફાળો મહત્વનો ફાળો રહ્યો છે. આઝાદીની આ લડતમાં ધોળકાના ખેડુતોનું મહત્વનું પ્રદાન રહ્યુ છે. ઇ.સ ૧૯૨૦ના અસહકારના આંદોલનમાં ગાંધીજીના આહવાનથી ધોળકાના ખેડુતો અંગ્રેજ સરકાર સામે તન, મન, ધન પોતાનો ફાળો આપ્યો. ૧૯૨૨માં અસહકારની લડત બંધ રહેતા ખેડુતોમાં હતાશા આવી. આ પરિસ્થીતીમાંથી ખેડુતોને બહાર લાવવા સરદાર વલ્લભાઈ પટેલને ધોળકાના આગેવાન ખેડુતોએ આમંત્રણ આપ્યુ. આ આમંત્રણ સ્વીકાર કરી સરદાર વલ્લભાઈ પટેલે સભામાં ધોળકાના ખેડુતોમાં આઝાદી માટે નવા ઉત્સાહ સાથે આઝાદીની લડતમાં જોડાય જવા માટે આહવાન કર્યુ. સાથે સાથે ધોળકામાં જોવા મળતા સામાજિક, આર્થિક, ધાર્મિક દુષણો દુર કરવા ખેડુતોને સમજાવ્યા. જેમા તેઓ સફળ થયા તેમની પ્રેરણા થી સવિનય કાનુન ભંગ અને હિંદછોડો ચળવળમાં ધોળકાના ખેડુતોએ આઝાદીના મહાસંગ્રામમાં પોતાનું યોગદાન આપેલુ જોવા મળે છે.*

---

**પ્રસ્તાવના:**

ઇ.સ ૧૯૧૫નું વર્ષ ભારતના ઇતિહાસમાં નવો વળાંક લાવે છે. ગાંધીજીનું દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આગમન અંગ્રેજોના શાસન માટે પડકારરુપ બની ગયું હતું. ગાંધીજીએ સમગ્ર ભારતમાંથી અંગ્રેજોને જડમુળમાંથી કાઢી નાખવાનો નિર્ધાર કર્યો હતો. તે માટે તેમણે સત્યાગ્રહ અને અહિંસાના અચુક શસ્ત્રોનો પ્રયોગ કર્યો હતો. ગાંધીજીના સત્યાગ્રહોનું નેતૃત્વ કરવા યોગ્ય વ્યક્તિની જરુરિયાત હતી જે ગાંધીજીને સરદાર વલ્લભભાઈ પટેલમા દેખાઈ. ગાંધીજીના વિચારોને અમલમાં સરદાર વલ્લભભાઈ પટેલ પોતાના નેતૃત્વ દ્વારા અમલમાં મુકતા હતા.

સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના એક રાજકિય તથા સામાજીક નેતા હતા. જેમણે દેશની સ્વતંત્રાની લડતમાં મહત્વનો ફાળો આપ્યો અને અખંડ, સ્વતંત્ર ભારતના એકીકરણનું નેતૃત્વ કર્યું. ભારત અને દુનિયાભરમાં તેઓ સરદારના નામથી ઓળખાયા. તેમજ તેના દ્રઢ મનોબળના કારણે લોખંડી પુરુષ તરીકે ઓળખવામાં આવે છે. સરદાર પટેલના ભાષણમાં ભારતને સમર્થ બનાવવામાં સૌથી વધુ ફાળો આપનાર ખેડુતોનું હંમેશા સબોધન રહેતુ. તેઓ હંમેશા કહેતા કે અનેક કુદરતી આફતો સામે પણ ઝીંક ઝીલીને શ્રેષ્ઠ ખેત ઉત્પાદન થકી દેશને વિકાસનો ઓડકાર ખવડાવવામાં ખેડુતોનાં પ્રદાનને માપી શકાય તેમ નથી. ખેડુતો એ આપણા દેશના પાયામાં છે. તેમના થકી આપણે આઝાદીના દિપ પ્રગટાવવાના છે.

**સરદાર પટેલનો જન્મ અને પરિચય:**

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ૩૧ ઓકટોમ્બર ૧૮૭૫ નડિયાદમાં થયો હતો. માતાનું નામ લાડવાદેવી અને પિતાનું નામ ઝવેરભાઈ હતુ. તેમનો ઉછેર મૂળ વતન ગુજરાતના કરમસદમાં થયો હતો. તેમની શિક્ષા મુખત્વે સ્વઅભ્યાસમાં થઇ હતી. વલ્લભભાઈ પટેલ એક વકીલ હતા, તેમની સફળ વકીલાત દરમ્યાન તેઓ મહાત્મા ગાંધીના સ્પંર્કમા આવતા તેમના કામ અને વિચારધારાથી તેઓ પ્રભાવિત થયા હતા. ત્યારબાદ તેઓ ગાંધીજીના અનુયાયી બન્યા તેમના માર્ગદશન નીચે ખેડાસત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહ અને બારડોલી સત્યાગ્રહ સમયે ગામના ખેડુતોને સંગ્રઠિત કરી અંગ્રજોના અત્યાચારો સામે સત્યાગ્રહો કર્યા. સરદાર પટેલે ખેડા સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ દરમિયાન ગુજરાતના ખેડુતોમા એક નવિન ચેતન્ય પ્રગટાવ્યુ. તેમના જુસાભેર ભાષણોથી ખેડુતોમાં

અંગ્રેજ સરકાર સામે છેલ્લા શ્વાસ સુધી લડી લેવા માટેનું ખમીર જગાવ્યુ. ઇ.સ ૧૯૨૦માં અસહકાર આદોલનમાં દેશભરમાં ગાધીજીની હાકલથી ખેડુતો ઉત્સાહભેર જોડાયા. ચોરાચોરી ઘટનાથી અસહકારનું આદોલન ગાંધીજીએ સમેટી લીંધુ. છેક સુધી લડિ લેવા તૈયાર થયેલા ખેડુતો હતાસ બન્યા. ગુજરાતમાં ઇ.સ ૧૯૨૭માં આવેલા સાબરમતીના પુરના કારણે ખેડુતોને આર્થિક નુકશાન થયુ. આમ ગુજરાતના ધોળકાનગરના ખેડુતોને હતાશાની પરિસ્થીતીમાં બહાર લાવી નવો જુસ્સા સાથે અંગ્રેજો સામેના સ્વતંત્ર્ય આદોલનમાં લડવા માટે તૈયાર કરવા ધોળકામાં સરદાર વલ્લભભાઈ પટેલે ખેડુતોની જાહેર સભા યોજી, આ સભામાં ધોળકાના અને ગુજરાતના અલગ અલગ જીલ્લાઓ માંથી ૩૦૦૦૦ જેટલા ખેડુતોએ ભાગ લિધો હતો.

ધોળકાનાં ખેડુતોને સંબોધન:

તા.૧૧-૬-૧૯૨૭ના રોજ ધોળકાના ચલોડાગામમા થયેલી સભામાં સરદાર વલ્લભાઈ પટેલે ખેડુતોને કરેલા સંબોધનનો કેટલોક ભાગ.

"ખેડુતોનો આવો મેળાવડો તો કાંઈક કામ હોય, સરકારની સાથે કે શાહુકારની સાથે કાંઈ લડત હોય તો જ થાય છે. પણ ખેડુત મંડળ કંઈક વધુકામ કરી શકે તે સંબધમાં ડાહ્યાભાઈની સૂચનાથી તમને બધાને ભેગા કર્યા છે. આ ગામના ખેડુતો જોતાં સામાન્ય રીતે ખેડા જિલ્લાના ખેડુતો યાદ આવે છે. સામાન્ય રીતે ખેડુતોનાં બે પ્રકારનાં જ દુ:ખ હોય છે. એક અજ્ઞાનથી પોતાના હાથે માગી લીધેલુ છે. બીજુ આપણે પરતંત્ર છીએ, પરરાજ્ય માંથી છીએ તે છે. તે દુ:ખ સવિશેષ છે. અને તે સર્વ સામાન્ય છે. ખેડુત એકલાને જ નહી, બધાને છે. હિંદુસ્તાનના બીજા ભાગના ખેડુતો કરતાં તમે કંઇક સુખી છો. બીજાઓને ભારે દુ:ખ છે. એમનું દુ:ખ જોયું જાય તેમ નથી. તેવા કરોડો ખેડુત છે, જેમને પેહરવાને કપડુ નથી. ખાવાનો રોટલો નથી. પીવાનું ચોખ્ખુ પાણી નથી. તે દુ:ખ તમને નથી. પરંતુ જે સમજુ ખેડુત છે. તેમને પરતંત્રામાં સ્વમાનભંગનું દુ:ખ છે. જેમ બળદની ડોક પર ધૂસંરી મુકો છો અને તે માનભંગનું દુ:ખ સમજતો નથી. તેમ જો તમેય ન સમજતા હો તો તમને પણ નથી. પણ જો તમારો આત્મા જાગ્રત હોય તો તમને પરરાજ્ય અમલ ડંખવો જોઈએ. જેમ કાબેલ માણસ વાધ પાળી શકે છે તેમ કાબેલ માણસ માણસને પણ પાળે છે. પણ તે ગુલામ છે. આપણી અત્યારે તેવી દશા છે. મહાત્મા ગાંધીજીએ એટલા માટે જ એક વર્ષમા બધાને ગુલામીમાંથી છોડાવવાની ઉમેદ રાખી હતી. તેઓ શુ કહે છે, તે તમ વિચારો, ખેડુત એકલી ખેતી ઉપર નભી શકવાનો જ નથી. જેની પાસે લાંબી જમીન હશે. જે વિશેષ બુધ્ધિ ધરાવતો હશે અને જે વિશેષ મહેનત કરતો હશે. તે ગુજરાન ચલાવી શકશે. અત્યારે જમીનના ટુકડા થતા જાય છે. તેમ તેમ ખેતીની સાથે નવરાશમાં ધરબેઠાનો ઉધોગ હોય તો જ ખેડુત નભી શકે છે.

આ ગામમાં લગભગ બત્રીસો માણસની વસ્તી છે. એક માણસને સરેરાશ માથાદીઠ દસ-પંદર રુપિયાનું કાપડતો જોઈએ જ. હિસાબ ગણો તો દર વર્ષ ત્રીસથી ચાલીસ હજાર રુપિયા બહાર મોકલો છો. આ ક્યાં સુધી પહોંચશે? તમને સમજ નથી પડતી કે વખત ચાલ્યો આવે છે. જ્યારે તમારા બળદ તમારી પાસે રહેવાના નથી. બળદની જગ્યા સંચા લેશે. ગાડું નથી રહેવાનું. હળ વગેરે બધું બહારથી આવવાનું છે. તે બધા સંચાઓથી તમારી ખેતી થશે. અમદાવાદમાં ખેતીવાડીનું પ્રદર્શન ભરાવાનું છે. તેમાં તમને તે બધું બતાવશે અને પછી કહેશે કે રોટલી શું કામ ખાઓ છો, તૈયાર રોટી મંગાવીને ખાઓ.

તમારા પકવેલા માલની અને તમારી વચ્ચે કેટલાક દલાલ છે, તે વિચારો. તમારો કપાસ બાવળે જાય. ત્યાં જીનમાં પિલાય, તેનું રૂ બને. ત્યાથી પ્રેસવાળા પાસે જાય. તેની ગાંસડીઓ બંધાય, ત્યાથી રેલમાં અમદાવાદ જાય, તે સોદામાંચે વચમાં વેપારી હોય, ત્યાથી મુંબઈ જાય ત્યાંથી આગબોટમાં પરદેશ જાય,

ત્યા કારખાનામાં કંતાય અને વણાય, તેનું કપડું બને તે પાછુ આગબોટમાં મુંબઈ આવે, મુંબઈની મૂળજી જેઠા મારકેટ ભરાય ત્યાંથી અમદાવાદ આવે. અમદાવાદ થી આ તે કાપડ ધોળકા થઈને ચલોડા આવે ને તમે પહેરો છો. આ કેટલો બધો ઉંધો વેપાર છે? બળદની પાસેથી આપણે જેમ ખેતીનું કામ લઇ એ છીએ. તેમ આ નાટક બધું આપણા માણસો મારફત ચાલ્યા કરે છે. ગાંધીજી કહે છે કે"સાઠ કરોડનું કાપડ વિલાયતથી આવે છે, તે બંધ કરો. તમારુ કપડું તમે પેદા કરો. તેમા તમારા વણકરો ઉભા રહેશે. તેમા તમારી મા, બહેન દીકરીઓ પોષાશે. આ નાની નાની બાળાઓને કેવા બારીક કપડાં પહેરાવો છો? આ કપડા પહેરવવા આપણને શોભે ?

ખેડુતો જે બુધ્ધિશાળી છે. તે આ કેમ સમજતા નથી. તે જોઈને મને બહુ દુ:ખ થાય છે. આજે તેમને સિનેમા, નાટક, લક્ષ્મીવિલાસમાં( હોટેલો) ગમે છે. આજે સવાર ને સાંજે અમદાવાદને ચલોડા મોટર લારીઓમાં દોડધામ કરો છો. પણ તમે સમજો કે અમદાવાદ વસ્યું છે તે આખા જિલ્લામાંથી ખેડુતોનાં રસકસ, લોહી, હાડંકા, માંસ ને લોહી ઉપર વસ્યુ છે. ખેડુતોએ જેવા પહેલા હતા એવા થવુ જોઈએ. કોઈ ધર્મિષ્ઠ પુરુષો, તપસવી જે કહેતો હોય તે સાંભળીને મીઠુ લાગે તે અમલમાં મૂકવું. મીઠું મીઠું સાંભળીને ખાલી રાજી ન થવુ. બીજી વાત એ છે કે ખેડુતોમાં કંકાસ, કુંસંપ અને કજિયા ગામેગામ છે. આમાં ખેડૂતો પોતે નહિ સમજે તો બીજો કોણ સમજાવશે ? આપણા કામ એ છે કે આપણા મતભેદને મોટૂં સ્વરુપ આપવું ન જોઈએ. જેથી છોકરાંઓ અંદરોઅંદર માં લડી મરે. એકબીજાની ચાડીચુગલી કરવી ન જોઈએ. સંપીલા ખેડૂતોને કોઈ સતાવી શકતું નથી.

બીજી પણ એક બાબત છે જે ને માટે ખેડુતોએ શરમાવું જોઈએ, જે મજબૂત છે, સુખી છે, સાધનવાળા છે તેમના ઉપર એક આરોપ, તહોમત છે કે તે અભિમાની છે કે તે ઇશ્વરને પણ ભૂલી જાય છે. તેના દરબારમાં તો રંકરાય, ઉંચનીચ સરખા છે. તે દરબારમાં તેને હિસાબ આપવાનો છે તે ભૂલી જાય છે. તેથી ઉતરતા વર્ગને તે સતાવે છે. ઉતરતા વર્ગ પાસે તે વેઠ કરાવે છે. સરકાર જેટલી વેઠ નથી કરાવતી તેટલી આ કરાવે છે. આટલી બધી પ્રવૃતિ થયા છંતા એ પાપ છે. અસ્પુશ્યતા એ વહેમ છે. કૂતરાને અડીને નાહવું ના પડે. બિલાડીને અડીને નાહવું ના પડે. તો પછી જે આપણા જેવો મનુષ્ય અંત્યજો મુસલમાન ને ઈસાઈ થઈ જાય છે. તે જો ખ્રિસ્તી થઈને રહેતો હોય તો ઇશ્વરનો દોષ શો ? જ્યારે હિંદુ ધર્મ છોડે ત્યારે તે આપણી સાથે બેસવાને લાયક થાય. પછી તે વિધર્મિ થઇ વિરોધી થઇને બેસે.

આપણી પાસે જમીન હોય, નાણાં હોય, સમજ હોય તે બધાંનો ઉપયોગ શો ? જે સુખી છે તે સુખના મદમાં બીજાને દુ:ખી કરે છે તે ઠીક નથી. આપણી બુધ્ધિ વટાવી ખાવાની નથી. તેનો સદ્દુપયોગ કરી બીજાને સુખ આપવા માટે પ્રભુએ તે આપી છે. ગરીબ, દુ:ખી ઉપર આપણે છાયા કરવી જોઈએ. ખેડૂતની પાંખમાં જો બધા રહેતા હોય, સમાનતા હોય તો તે ખરો ખેડુત છે. અઠારે વર્ણ ખેડૂતની પાછળ રહેતી એનું કારણ એ કે તેનામાં પ્રેમ હતો. અઠારે નાતનું એક કુટુંબ, એક શરીર બની રહેંતુ. તેવી વ્યવસ્થા માટે આપણે આપણા દિલમાં ફેરફારો કરવા જોઈએ, પ્રેમ રાખવો જોઈએ. આપણા બધાનો ન્યાય કરનાર એક ઇશ્વર છે. તેથી ખેડુતો જો આ વાત સમજે તો જ સુખી થવાના છે. ડાહ્યાભાઈ એ કહ્યું કે ગુજરાતમાં હિંદુમુસલમાન ઐક્યમાં ભંગાણ નથી પડયું તે હવે ખોટુ પડતુ જાય છે. ગુજરાત હિંદુમુસલમાનના ઝધડામાંથી બચવાનું નથી. કાલે તમારે ત્યા નહિં થાય એ તમે માનશો નહિ. આખા હિંદુસ્તાનમાં આ દાવાનળ સળગી રહ્યો છે. તેમાથી આપણે બચી જઇશું. એમ માનવાને કારણ નથી. અત્યારે એકબીજાનાં માથાફોડવાને બધા ટમટમી રહ્યા છે. પણ ગામડાં અંદર આ પ્રશ્ન નજીવા છે. ખેડુતોને તેની સાથે ઝાઝુ લેવાદેવાપણું નથી. સરકારની પાસેથી દૂર

કરાવી શકાય છે. પણ વહિવટ પારકો છે એ મોટુ દુ:ખ છે. તમારા ઘરનો વહિવટ બીજાને સોંપ્યો હોય તે કેવો ચાલે એ તમારે વિચારવાનું છે. જ્યાં સુધી વહિવટ પારકાના હાથમાં છે ત્યા સુધી સુખ નથી. એ જ ધોરણે વહીવટ લેવા ખેડૂતોએ જાગ્રત થવુ જોઈ

હવે સ્વતંત્રતાનાં ચિહ્નો દેખાય છે. સ્વતંત્રતા જરૂર આવવાની છે. માટે તમે તમારી જવાબદારી ઉપાડી લેતા શીખો. હજુ તો તમને તેના થોડા થોડા પુરાવા મળે છે. પણ કાલે એવો વખત આવશે કે તમારે જ તમારી પોલીસ રાખવી પડશે. એનું નામ સ્વરાજ્ય છે. જ્યારે તમારા છોકરાઓ બહારવટિયા સાથે બંદૂકના બાર ખેલતા હશે ત્યારે તમારી પાસે સ્વરાજ હશે. હાલના છોકરાઓ એ તો કામઠુંયે નથી જોયું. રણની હાક નથી સાંભળી. જ્યારે તમારા છોકરાઓ મરદાઈના ખેલ ખેલતા હશે. ડ્રીલ ચલાવતા હશે. લશ્કરમાં જશે. ત્યારે ગામ સાચવી શકશો. અને એ જ સ્વરાજ્ય છે. એ બધું ઉપર આભમાંથી પડવાનું નથી, લેવાનું છે. માટે તમે જાગ્રત થાવ, બધુ ચોગરદમ શું ચાલે છે તે જાણો. નહિ જાણો તો ઠગાશો. અત્યારે જગત એવું બન્યું છે કે એક સ્થળે બનેલા બનાવની જાણ ચોવીસ કલાકમાં બધી દુનિયામા થાય છે. ચીનમાં શું ચાલી રહ્યુ છે. આફ્રિકામાં શુ થાય છે. અમેરિકામાં શું ચાલે છે. તેની ખબર તરત જ અહીં પડે છે. ચલોડાની અંદર પણ કાઈ થાય તો આખી દુનિયાને તેની ખબર પડે છે. તમારું એ કામ છે કે દુનિયામાં શું ચાલે છે તે જાણો.

ખેડૂત મોટામાં મોટું પાપ તો એ કરે છે કે તે નાના બાળકોને પરણાવે છે. જો મારી સત્તા હોય તો બારેતેર વર્ષની બાળાઓને જે પરણાવે તેને બંદૂકને મારવાનો કે ફાંસીને લાકડે લટકાવવાનો કાયદો કરાવું. ચૌદ પંદર વર્ષની બાળાઓ માતા થાય. સંખ્યાબંધ બાળવિધવાઓ થાય. તો પછી તમારા કૂવામાં પાણી ક્યાંથી રહેવાનું છે ? આ બધું હું તમારો ભાઈ થઇને કહું છુ, તમે સમજો. તમારી દીકરીઓની તમે હત્યા કરી રહ્યા છો. નાતવરાના ખોટા ખરચ કમી કરો. આબરરૂના નામથી થતી બાળહત્યા અટકાવો. છોકરીઓને અઢાર વર્ષની અંદર ન પરણાવો. અંગ્રજની બાવીસ-પચીસ વર્ષની છોકરીઓ હોય છે તે આપણા ગામડામાં દવાખાનું કાઢીને બેઠી હોય છે. આખા જિલ્લાનાં મરદોને સ્ત્રીઓ ઉપર રાજ ચલાવે છે. નાની નાની બાળાઓ ઉપર સ્ત્રીઓ બધો બોજો નાખી તેને કચરી નાખો નહીં. તે એક કુમળું ફુલ છે. ખીલતી કળી છે. તેને અકાળે કાં મારો છો ? જો પહેલાંની સ્થિતી આણવી હોય, ધર્મ રાજ્ય, રામ રાજ્ય જોઈતું હોય અને બાપદાદાનું જિગર તમારામાં હોય તો હિંમત પકડો અને સારી વાતો અમલમાં મૂકો.

બાકી આ છોકરીઓ એ રાગડા ખેંચ્યા તેમ રાગડા ખેંચ્યે શું વળે ? હું આવું તોયે ગીત ગાય ને કોઈ અમલદાર આવે ત્યારેયે ગીત ગાય, તેમા શું વળ્યું ? છોકરાઓ નોકરી માટે કંગાળની પેઠે ભીખ માગતા ફરે છે. ઉત્તમ ખેતી ફાટીને અધમ ખેતી થઇ પડી છે. ખેડૂતથી ભીખ કેમ મગાય ? ખેડૂતનું બધુ ચાલ્યું જાય છે તે અરજીઓ કરતાં શીખ્યા છે. તેથી તેનાથી શું થવાનું છે ? તામે હિંમત રાખો, તમારાં પાપ કાઢો. પછી તમારે અરજી નહિ કરવી પડે. લગ્ન જેવી ગંભીર વસ્તુ તે ઢીંગલાઢીંગલીની રમત થઇ પડી છે. આવરદા સોના હતા તે પચાસના થયા. પચાસના ત્રીસના થયા, ને વીસ-પચીસ વર્ષ આવી ઉભા છે. પ્રથમના સાડા છ ફુટ ઉંચા, થોભિયા રાખનારા, પહેલવાન જેવા ખેડૂતોમાંની એકે સિકલ જોતો નથી. પહેલા બાળલગ્ન હતાં. પણ સાત સાત વર્ષ સુધી કન્યાને સાસરે નહોતા મોકલતા. પાટીદારો, તમારી પાછળ ઠાકરડા, રજપૂત વગેરે બધા ચાલે છે. તમે મને પ્રેમથી બોલાવ્યો છે ત્યારે આ વાત કહું છુ. હું જો તમારા ગામમાં રહેતો હોઉં તો ઘડીયે તમને જંપવા ન દઉં. ખેડૂતનાં દુ:ખોના પૂરા અભ્યાસ પછી આ મેં કહ્યુ છે, અને મારે આટલું બધું તમને કહેવું પડે છે. એ મને શરમ લાગે છે. પણ તમે સમજો. ઇશ્વર તમને એટલી બુધ્ધિ, સમજ ને શક્તિ આપે."

સમાપન:

સરદાર વલ્લભાઈ પટેલે ધોળકાની ચલોડા ગામની સભામાં ધોળકાના ખેડુતોને ૧૯૨૦ અસહકારના આદોલન સ્થગીત કરાતા આવેલી નિરાશા માંથી બહાર લાવવા અને ૧૯૨૭ માં આવેલા સાબરમતીના પુરને કારણે ખેડુતોને થયેલા નુકશાન સામે દઢ માનસીક શક્તિ વિકસાવવા માટે ખેડુતોને સંબોધન કર્યું. આ સંબોધનમાં ખેડુતને માનસિક ગુલામીમાથી બહાર આવી, તેમને ખેતીના વિકાસ પર ભાર મુકવાની વાત કરી. સ્વરાજ્ય લાવવા માટે સ્વદેશી માલ વાપરવા અને વિદેશીમાલના બહિષ્કાર કરવા માટે ખેડુતોને સમજાવ્યા. સ્વદેશીમાલના ઉતેજનથી સ્વરાજનું સર્જન થશે, જેમાં થી દેશનો આઝાદીનો માર્ગ મળશે. તેમને ધોળકાની આર્થિક પરિસ્થીતી વિશે કહેતા અંગ્રેજ સરકાર દ્વારા થય રહેલા શોષણ માંથી બહાર આવવા, સામાજિક દુષણોને છોડવા, ધાર્મિક અંધશ્રધ્ધાઓ અને સ્વધર્મને જગાવવાની વાત કરી. દેશમાં એકતા લાવવા નાતજાતના ભેદભાવોને છોડીને એક થવા તેમજ હિંદુ-મુસ્લિમ ઐકતાની અનિવાર્યતા, બાળલગ્નોથી જેવા દુષણોથી સમાજ પર થતી ગંભીર અસરો વિશે ખેડુતો સમજાવ્યા. અંગ્રેજોની માનસિક ગુલામી માંથી ખેડુતોને બહાર આવવા અને આઝાદી માટે એક જુથ થઈ ગાંધીજીની વિચારધારા સાથે દેશની આઝાદીની લડાયમાં જોડાય જવાની હાકલ કરી. ધોળકામાં કરેલી સભામાં સરદાર પટેલે રાજકિય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક વગેરે બાબતોને આવરી લીધી છે.

<u>સંદર્ભગ્રંથો</u>

(૧) રાજમોહન ગાંધી. (૧૯૯૪). સરદાર પટેલ-એક સમર્પિત જીવન (આવૃ. પ્રથમ આવૃતિ ). અમદાવાદ, ગુજરાત : નવ જીવન ટ્રસ્ટ મુદ્રાલય,અમદાવાદ-૩૮૦૦૧૪.

(૨) નરહરિ પરિખ. (૧૯૪૯). સરદાર વલ્લભાઈ પટેલના ભાષણો (આવૃ. પ્રથમ આવૃતિ ). અમદાવાદ, ગુજરાત : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૬.

(૩) વિષ્ણુભાઈ દવે. (૨૦૦૭). ગાંધી સરદારની ગુજરાત કોગ્રેસ (આવૃ. પ્રથમ આવૃતિ ). અમદાવાદ, ગુજરાત : યુવક વિકાસ ટ્રસ્ટ,નવ જીવન મુદ્રાલય સામે, અમદાવાદ-૩૮૦૦૧૪.

(૪) રસિકલાલ છોટાલાલ પરીખ અને હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી (સંપા.). (૧૯૮૭). *ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ-૯ (આઝાદી પહેલા અને પછી)* (આવૃ. પ્રથમ આવૃતિ ). અમદાવાદ, ગુજરાત : ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૬.

(૫) ડો.શિવપ્રસાદ રાજગોર. (૨૦૧૭). અર્વાચીન ગુજરાતનો રાજકિય અને સાંસ્કૃતિક ઇતિહાસ (આવૃ. પ્રથમ આવૃતિ ). અમદાવાદ, ગુજરાત: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,અમદાવાદ,ગુજરાત-૩૮૦૦૦૬.

(૬) ડો.શાંતિલાલ મ.દેસાઈ. (૧૯૭૨). રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત (આવૃ. પ્રથમ આવૃતિ ). અમદાવાદ, ગુજરાત : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૦૬.

(૭) વિપિન ચંદ્ર. (૨૦૦૯). આધુનિક ભારત કા ઇતિહાસ (આવૃ. પ્રથમ આવૃતિ ). હૈદરાબાદ, તેલંગાણા, ભારત : ઓરિયંટ બ્લૈકસ્વૌન પ્રાઈવેટ લિમિટેડ.

(૮) ડો.રમણલાલ ક.ધારૈયા. (૨૦૧૭). આધુનિક ભારતનો ઇતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો ભાગ-૨, (૧૯૨૦- ૧૯૬૪) (આવૃ. આઠમી આવૃતિ ). અમદાવાદ, ગુજરાત : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૩૮૦૦૦૬.

(૯) ધોળકાનગર પાલિકા દફતર ભંડાર. (૨ ફેબ્રીઆરી ૨૦૧૯). ધોળકાનગર. (પટેલ નિતીનકુમાર.બી, મુલાકાત લેનાર) ધોળકા, ગુજરાત .